## તંત્રી સ્થાનેથી......

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીગનર દ્વારા આઝાદીકા અમૃત મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત જિલ્લાકક્ષાની સિનિયર એથ્લેટીક્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. સિનિયર ભાઈઓ/બહેનો માટે ૧૦૦મી, ૨૦૦મી, ૪૦૦મી, ૮૦૦મી અને ૧૫૦૦મી દોડ સ્પર્ધા તા. ૪-૦૮-૨૦૨૧ નાં રોજ સોમનાથ એકેડમી, કોડીનાર ખાતે યોજાશે. જેમાં જિલ્લાના સિનિયર ખેલાડીઓ પોતાના આધારકાર્ડ (ઓરીજનલ) સાથે સવારે ૦૮.૩૦ કલાકે સ્પર્ધાના સ્થળે સ્વખર્ચે હાજર થવાનું રહેશે. સ્પર્ધામાં તા. ૩૧-૦૭-૨૦૨૧ પહેલા જન્મેલા ૨૦ વર્ષથી વધુના ખેલાડીઓ ભાગ લઈ શકશે. જિલ્લાકક્ષામાં પ્રથમ આવનાર ખેલાડીની રાજ્યકક્ષા સ્પર્ધા માટે પસંદગી થશે. રાજ્યકક્ષાની સ્પર્ધા હિંમતનગર ખાતે તા. ૭-૦૮-૨૦૨૧ બહેનો માટે અને તા. ૯-૦૮-૨૦૨૧ ભાઈઓ માટે યોજાશે. જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રની યાદીમાં જણાવાયું છે.


# સંવેદનાસભર સર્જરીથી સાજી થઈ ૧૮ મહિનાની વેદિકા

**બાળકીના પેટમાંથી ૪૦૦ ગ્રામનું અવિકસિત ભ્રુણ જટીલ સર્જરી દ્વારા દૂર કરાયુ**

**મધ્યપ્રદેશના પરિવારે અમદાવાદ સિવિલના તબીબનો સર્જરી માટે ટ્વીટર પર સંપર્ક કર્યો**

**૫ લાખે એક બાળકમાં જોવા મળતી "ફિટ્સ ઈન ફિટુ" સર્જરી સફળતાપૂર્વક પાર પાડતા સિવિલ હોસ્પિટલ બાળરોગ સર્જરી વિભાગના તબીબો**

**પરિવારજનોએ ભાવવિભોર થઈ સિવિલ હોસ્પિટલ તબીબો અને રાજયના મુખ્યમંત્રીશ્રીનો શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ કરાવવા બદ્દલ આભાર માન્યો**





કમલમદૈનિક,

દોઢ વર્ષની દીકરીને ત્રણ મહીનાથી પેટમાં ગાંઠની તકલીફથી પીડાતી જોઈ પિતા હર્ષિતભાઈ ચિંતાતુર રહેતા. એક દિવસ સોશિયલ મીડિયા પર ટ્વીટરમાં સર્ફીંગ કરી રહ્યા હતા ત્યારે સિવિલ હોસ્પિટલના ટ્વીટર હેન્ડલ પર તબીબોદ્વારા બાળકોની પણ વિવિધ પ્રકારની જટીલ સર્જરી કરવામાં આવતી હોવાનીપોસ્ટ નજરે પડી. તેઓએ તરત જ તબીબને પોતાના બાળકીની પીડા વિશેની માહિતી આપતું ટ્વીટ કર્યું. સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગનાવડા ડૉ. રાકેશજોષીએ પણ હર્ષિતભાઈના ટ્વીટના જવાબમાં દીકરીને હોસ્પિટલ લઈ આવવા કહ્યું...પછી જે થયુ તે ઘટના અવિસ્મરણીય બની ગઈમધ્યપ્રદેશના નીમુચ જિલ્લામાં રહેતા હર્ષિતભાઈ જવેલરીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ૧૮ મહીનાની દીકરી વેદિકાના પેટમાં ગાંઠની તકલીફને લઈને મધ્યપ્રદેશની વિવિધ હોસ્પિટલમાં ધક્કા ખાઈ રહ્યા હતા. દીકરીનુંપેટ અચાનક ફૂલી જવાથી તેણી અત્યંત વેદના સહન કરી રહી હતી. મધ્યપ્રદેશમાં વિવિધ રીપોર્ટસ કરાવતા દીકરીના ગર્ભમાં અવિકસીત ભ્રુણ હોવાનું નિદાન થયુ. આ ભ્રુણને દૂર કરવાની સર્જરી અત્યંત પડકારજનક અને જોખમી હોવાથી મધ્યપ્રદેશના તબીબો તૈયાર થયા નહીં. જેથી હર્ષિતભાઈની નિરાશામાં વધારો થયો. તેવામાં અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા તેમના સગાએ ટ્વીટરના માધ્યમથી સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગમાં આ પ્રકારની સર્જરી શકય હોવાનું જણાવતા તેમના પિતાએ સિવિલના તબીબનો ટ્વીટરના માધ્યમથી સપર્ક કર્યો અને સિવિલ હોસ્પિટલમાં દિકરી વેદીકાને લઈને આવી પહોંચ્યા. સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગના તબીબો દ્વારા વેદિકાનું સી.ટી. સ્કેન કરાવવામાં આવ્યું. જેમાં દોઢ વર્ષની વેદીકાના પેટમાં ૪૦૦ ગ્રામનું અવિકસિત ભ્રુણ હોવાનું તારણ કાઢ્યું. સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષી પાસે આ પ્રકારની અત્યંત જટિલ સર્જરી કરવાનો અનુભવ હોવાથી તેમણે પોતાની ટીમ સાથે સમગ્ર સર્જરી સફળતાપૂર્વક પાર પાડવાનું બીડુ ઉપાડ્યું. બાળરોગ સર્જરી વિભાગનાએસોશિએટ પ્રોફેસર ડૉ. જયશ્રી રામજી અને એન્સ્થેસિયા વિભાગનાએસોસિએટ પ્રોફેસર ડૉ. તૃપ્તી શાહના સહયોગથી સમગ્ર સર્જરી ૩ કલાકની ભારે જહેમત બાદસફળતાપૂર્વક પાર પાડીને આ ભ્રુણ દૂર કર્યું. સર્જરીની વિગત આપતા ડૉ. રાકેશ જોષી કહે છે કે, ૧૮ મહીનાની બાળકીના પેટમાં અવિકસીત ગર્ભ હોવાની મારી ૨૦ વર્ષની તબીબી કારકિર્દીમાં ત્રીજી ઘટનાજોવા મળી છે. વિશ્વમાં ૫ લાખ બાળકોએ એક બાળકમાં આપ્રકારનીઅત્યંત જટીલ બીમારી થતી જોવા મળે છે. સર્જરી દરમિયાન ચોકસાઈ અને તકેદારી રાખવામાં ન આવે તો બાળકીની ધોરીનસ, જમણી કિડની, સ્વાદુપિંડ, યકૃત અને કિડનીના રકત સ્ત્રાવને નુકસાનપહોંચવાની સંભાવનાઓ પ્રબળ રહેલી હોય છે. આ તમામ બાબતોની સાવચેતી રાખીનેસમગ્ર સર્જરી સફળાતાપૂર્વક પાર પાડવામાં આવી હતી. વેદિકાને પીડામુક્ત જોઈ તેના પિતા હર્ષિતભાઈ ભાવવિભોર બન્યા હતા. તેઓએ મધ્યપ્રદેશથી ગુજરાત આવીને સમગ્ર સારવાર નિ:શુલ્ક ઉપલબ્ધ થવા બદલ અને સિવિલ હોસ્પિટલમાં શ્રેષ્ઠ સારવાર અને સુવિધા મળવા બદલ સિવિલ હોસ્પિટલના તબીબો અને રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલનો આભાર વ્યકત કર્યો હતો.હર્ષિતભાઈના સગાએ પણ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલનો ટ્વીટરના માધ્યમથી આભાર વ્યક્ત કર્યો છે. બાળકીમાં અવિકસીત ભ્રુણ કઈ રીતે બને છે? આ પ્રકારના ભ્રુણના વિકાસ માટે પેરાસાયટિક ટ્વિન અને ટેરેટોમેટ્સ એમ બે પ્રકારની થીયરી કામ કરે છે. વેદિકામાં જોવા મળેલું ભ્રુણ આ બંનેમાંથી કોઈપણ થીયરીના કારણે વિકસીત થયું હોવાની સંભાવના હતી. જેમાં ગર્ભની શરૂઆત થાય ત્યારે અંડકોષ ફલિત થયા બાદ બે ભાગમાં વહેચાયુ હશે તેમ માનવામાં આવે છે. જેમાંથી એક સામાન્ય બાળક અને બીજો અંડકોષ બાળકમાં સમાઈ જતા "ફિટ્સ ઈન ફિટુ" એટલે કે ગર્ભમાં ગર્ભ તરીકે વિકસે છે. તેમાં લોહીનો સપ્લાય જીવંત બાળકમાંથી મળે છે, અને મગજ, હૃદય , ફેફસા જેવા અંગો હોય છે પરંતુ તે નિષ્ક્રીય રહે છે.

# પ્રશ્નાવડા ખાતે સંવેદના દિન ઉજવણી અંતર્ગત જિલ્લાકક્ષાનો સેવાસેતું કાર્યક્રમ યોજાયો

## ૩૩૬૨ થી વધુ અરજીઓનો સ્થળ પર નિકાલ કરાયો



કમલમદૈનિક, સોમનાથ

સમગ્ર રાજ્યમાં પાંચ વર્ષ સરકારના સૌના સાથ, સૌના વિકાસના ઉજવણી અંતર્ગત ગીર-સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા શ્રી એમ.જે.ઝાલા માધ્યમિક શાળા ખાતે સંવેદના દિન, સેવાસેતું કાર્યક્રમ રાજ્યમંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાના અધ્યક્ષાસ્થાને યોજાયો હતો. જેમાં ૩૩૬૨ લાભાર્થીઓનીઅરજીનો સ્થળપર જ નિકાલ કરવામાં આવ્યો હતો. સુત્રાપાડા નગરપાલિકાનો યોજાયેલ સેવાસતું માં ૧૫૦૫ અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. તેમજ જિલ્લામાં કુલ ૧૧ સેવાસતું કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. સેવાસેતું કાર્યક્રમમાં સામાન્ય વહીવટ, અન્ન, નાગરિક પુરવઠા અનેગ્રાહક, આદિજાતી વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ, નાણા, બંદરો અને વાહન વ્યવહાર, મહેસુલ, સામાજીક ન્યાય અને અધિકારીતા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ઉદ્યોગ અને ખાણ, મહિલા અને બાળ વિકાસ, શ્રમ અને રોજગાર વિભાગની ૫૭ જેટલી સેવાઓનો લાભ લાભાર્થીઓએ પ્રાપ્ત કરેલ. મુખ્યમંત્રી બાળ સુરક્ષા યોજનાના કોરોના કાળમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર બાળકોની સાથે મંત્રીશ્રીએ ભોજન સાથે લીધુ હતું અને બાળકોને ભવિષ્યમાં વધુ અભ્યાસની શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની લોકોના સુખાકારી માટે અનેક યોજના અમલમાં છે. ભિન્ન ભિન્ન વર્ગોના લોકોની વિશિષ્ટ આવશ્યકતાઓ ને ધ્યાનમાં રાખી સમગ્ર રાજ્યમાં ખાસ કાર્યક્રમો, અભિયાનો તથા યોજનાઓથી વંચિત સમુદાયના લોકોનું જીવનધોરણ ઉચુ લાવવાના નિષ્ઠાવાન પ્રયત્નો કરવામાં આવે છે. ગુજરાત મોડેલ દેશે સ્વિકારેલ છે. પુર્વ બીજ નિગમના ચેરમેનશ્રી રાજશીભાઈ જોટવાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની આગેવાનીમાં ગુજરાતે એક રાજ્ય તરીકે અભુતપુર્વ વિકાસ સાધ્યો છે. પુર્વ ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પરમારે જણાવેલ કે, સરકાર આપના દ્વારે આવી વંચિતોના વિકાસની સરકાર છે. કાર્યક્રમના પ્રારંભે શાબ્દીક સ્વાગત જિલ્લા કલેકટરશ્રી રાજદેવસિંહ ગોહીલે કર્યું હતું. આભારવિધિ નાયબ કલેકટરશ્રી ભાવનાબા ઝાલાએ કરેલ. કાર્યક્રમનું સંચાલન તલાટી મંત્રી શ્રી પંકજ ચૌહાણે કર્યું હતું. આ તકે ચેરમેન એપીએમસી શ્રી દિલીપભાઈ બારડ, અગ્રણીશ્રી ભગવાનભાઈ બારડ, શ્રી વજુભાઈ વાજા, શ્રી દીલીપભાઈ ઝાલા, શ્રી કેશુભાઈ જાદવ, ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી એસ.જે.ખાચર, પુરવઠા અધિકારીશ્રી સુશીલ પરમાર, સુત્રાપાડા મામલતદારશ્રી આર.એસ.હુણ, તાલુકા વિકાસ અધિકારીશ્રી એ.એચ.પરમાર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રીશ્રીના જન્મદિને વડોદરા શહેરના કતલખાના બંધ રાખવા બદલ શહેર અધ્યક્ષશ્રીએ કતલખાના સંચાલકોનો માન્યો આભાર.

કમલમદૈનિક, કમલમદૈનિક,

વર્ષોથી જૈન સંપ્રદાય અહિંસાનો આગ્રહી રહયો છે. આજ રોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો જન્મદિવસ હોવાથી શહેર અધ્યક્ષ ડો.શ્રી વિજયભાઈ શાહે કતલખાના સંચાલકોને આજરોજ કતલખાના બંધ રાખવાની અપીલ કરી હતી. જેને સ્વીકારી આજરોજ સંચાલકોએ કતલખાના બંધ રાખ્યા હતા. સંવેદનશીલ મુખ્યમંત્રી સદાય અહિંસાના પૂજારી રહ્યા છે.'અહિંસા પરમો ધર્મ'ને ધ્યેયસૂત્ર બનાવી કપરા સમયમાં પણ ગુજરાતની પ્રજાના પડખે ઉભા રહી સેવા કાર્યો કરતા રહ્યા છે. સામાન્ય રીતે મહાવીર જયંતી નિમિત્તે રાજ્યના કતલખાના બંધ રહેતા હોય છે. પરંતુ ઈતિહાસમાં પહેલીવાર મુખ્યમંત્રીના જન્મદિને કતલખાના સ્વૈચ્છિક બંધ રાખવાની શહેર અધ્યક્ષશ્રી ડો. વિજયભાઈ શાહની અપીલ સાચા અર્થમાં ચરિતાર્થ થઈ છે. આજરોજ કતલખાના બંધ રખાવી વડોદરા શહેર સંગઠને લોકપ્રિય મુખ્યમંત્રીશ્રીને જન્મદિન નિમિત્તે ખુબ ખુબ શુભેચ્છા પાઠવી છે. અહિંસાના આગ્રહી મુખ્યમંત્રીશ્રીના જન્મદિન નિમિત્તે પોતાની અપીલને માન આપવા બદલ શહેર અધ્યક્ષાશ્રીએ કતલખાના સંચાલકોનો આભાર માન્યો છે. સત્કાર્ય માટે સંગઠન વતી શહેર અધ્યક્ષશ્રી દ્વારા થયેલ આવી પહેલ પ્રશંસનીય રહી હતી.

# રાજ કિશોરભાઈ પટેલે કહ્યું કે, મારા જેવા અનેક બાળકોને સહાય આપી સરકાર નોંધારાનો આધાર બની છે



કમલમદૈનિક,

રાજય સરકારના સુશાસનના પાંચ વર્ષ પુરા થયા તેની ઉજવણીના ભાગરૂપે આજે નવસારી રામજી મંદિરના હોલ ખાતે રાજયમંત્રીશ્રી બચુભાઈ ખાબડની અધ્યક્ષતામાં સંવેદના દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નવસારી તાલુકાના પેરા ગામના રાજ કિશોરભાઈ પટેલે કહ્યું હતું કે, મારા જેવા અનેક બાળકોએ કોરોના મહામારીમાં પોતાના માવતર તેમજ સ્વજનો ગુમાવ્યા છે. તેવા સમયે ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સંવેદનશીલ અભિગમ સાથે નિર્ણય લઈ અમારા જેવા અનાથ બાળકોના લાલન-પાલનની જવાબદારી માટે મુખ્યમમંત્રી બાળ સેવા યોજના અમલી બનાવી છે. ગુજરાત સરકારની મુખ?યમંત્રી બાળ સેવા યોજનાનો લાભ અમોને મળેલ છે. જેમાં એક બાળક દિઠ રૂા. ૪,૦૦૦/- મળે છે. જેથી હું ગુજરાત સરકારનો આભારી છું.

# અનુસુચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી લાલસિંહ મોર્યની ગુજરાત મુલાકાતને અનુલક્ષીને વડોદરામાં મધ્ય/દક્ષીણ ગુજરાતની બેઠક યોજાઈ

કમલમદૈનિક,

ભારતીય જનતા પાર્ટીના અનુસુચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષાશ્રી લાલસિંહ મોર્ય આગામી સમયમાં ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાતને અનુલક્ષીને આજરોજ શહેર ભાજપા કાર્યાલય ખાતે મધ્ય તેમજ દક્ષિણ ઝોનના આશરે ૧૬ જિલ્લાના પ્રભારીશ્રીઓ, પ્રમુખશ્રી, મહામંત્રીશ્રીઓ તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ મહામંત્રી શ્રી વિક્રમભાઈ ચૌહાણ તેમજ શ્રી ગૌતમભાઈ ગેડિયા, શહેર અધ્યક્ષાશ્રી ડો.વિજયભાઈ શાહ, શહેર મહામંત્રીશ્રીઓ સુનિલભાઈ સોલંકી, જસવંતસિંહ સોલંકી તેમજ રાકેશભાઈ સેવક, મોરચાના ઉપ પ્રમુખ શ્રી રાકેશભાઈ પરમાર, વસંતભાઈ પરમાર, પ્રદેશ મંત્રી શ્રી દિનેશભાઈ રોહિત સહિત આશરે ૧૬ જિલ્લાના પ્રભારી તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ મોરચાના રાષ્ટ્રીય પ્રમુખશ્રીની મુલાકાત દરમિયાન યોજાનારા કાર્યક્રમો અંગેની માહિતી તેમજ ચર્ચા થઈ હતી. ઉપરોક્ત બેઠકમાં શહેર અધ્યક્ષશ્રી ડો.વિજયભાઈ શાહે જણાવ્યું હતું કે કોરોના કાળમાં જો સૌથી અગ્રેસર હોય તે ડોક્ટર સેલ અને સફાઈ કામદાર સેલ છે. જેઓએ રાતદિવસ મહેનત કરી કોરોના સામે જંગ લડી રહેલા પ્રજાજનોની સેવા કરી છે. તેઓની આ સેવાને હું બિરદાવું છું. વૈશ્વિક મહામારીમાં મોરચાના કાર્યકરોએ પણ પોતાના જીવની પરવા કર્યા વગર કોરોનાઅસર ગ્રસ્તોની સેવા કરી છે, જે ખરા અર્થમાં "સેવા હી સંગઠન" ના સૂત્રને સાર્થક કરે છે. બેઠકમાં ઉપસ્થિત અનુસુચિત જાતિના પ્રદેશ મહામંત્રીશ્રી ગૌતમભાઈ ગેડિયાએ જણાવ્યું હતું કે અનુસુચિત મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી લાલસિંહજી મોર્ય ગુજરાતના પ્રવાસે આવનાર છે અને ૧૫ ઓગસ્ટ પછી જે કાર્યક્રમો થશે તેના આયોજન માટે આ બેઠક થઈ છે વધુમાં ગુજરાત સરકારના ૦૫ વર્ષની ઉજવણીના કાર્યક્રમ યોજાઈ રહ્યા છે, જેમાં મોરચાના કાર્યકર્તા સક્રિય રીતે ભાગ લઈ સરકારની વિવિધ યોજનાઓ જનજન સુધી પોહંચે તેમ પ્રયાસ કરશે. બેઠકમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નવનિયુક્ત સદસ્ય શ્રીમતી શર્મિષ્ઠાબેન સોલંકીનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

# ૫ વર્ષ આપણી સરકારના અંતર્ગત સંવેદના દિન કાર્યક્રમ અન્વયે લાભાર્થીઓના પ્રતિભાવ



કમલમદૈનિક,

પલક હિતેશ ભાઈ હળપતિએ કહ્યું કે, સહાય બદલ રાજય સરકારનો આભાર રાજયસરકારના સુશાસનના પાંચ વર્ષ પુરા થયા તેની ઉજવણીના ભાગરૂપે આજે નવસારી રામજી મંદિરના હોલ ખાતે રાજયમંત્રીશ્રી બચુભાઈ ખાબડની અધ્યક્ષાતામાં સંવેદના દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નવસારી તાલુકાના કોથમડી ગામની દિકરી પલક હિતેશભાઈ હળપતિએ જણાવ?યું હતું કે, આજે મને સરકાર દ્વારા મુખ?યમંત્રી બાળ સેવા યોજના અન?વયે રૂા.૪,૦૦૦/- લેખે માસીક સહાય મળવાથી હું કોઈ કુટુંબ પર બોજ નહિ બની પરતું મારૂં ભરણપોષણ સરળતાથી કરી શકીશ. આ માટે હું મુખ?યમંત્રીશ્રીનો ખુબ જ આભારી અને રાજય સરકારનો આભાર માનું છું.

# તાલાળ તાલુકામાં સંવેદના દિન અંતર્ગત સેવાસેતું કાર્યક્રમ યોજાયો



કમલમદૈનિક, સોમનાથ

માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારના પાંચ વર્ષની યશસ્વી કાર્યકાળ પુર્ણ થવાના પ્રસંગે સંવેદના દિન અંતર્ગત સેવાસેતું કાર્યક્રમ તાલાળા તાલુકામાં યોજાયો હતો. આ કાર્યક્રમ તાલાળા તાલુકાના આંબળાશ ગામે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રામીબેન વાજાના અધ્યક્ષાસ્થાને યોજાયો હતો. જેમાં કોરોના કાળમાં માતા-પિતા ની છત્રછાયા ગુમાવનાર ત્રણ અનાથ બાળકોને મહાનુભાવો દ્વારા રૂા. ૪ હજારનો ચેક અને કીટ અર્પણ કરવામાં આવી હતી. ઉપરાંત લોહાણા મહાજન વાડી, તાલાળા ખાતે પણ સેવાસેતું કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, છેવાડાનો એકપણ સાચો લાભાર્થી સરકારી યોજનાથી વંચિત ન રહે તે હેતુંથી સેવાસેતું કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. જેમાં સરકારશ્રીની ૫૭ જેટલી સેવાનો લાભ લાભાર્થીને સ્થળ પર જ મળી શકશે. આ તકે અગ્રણીશ્રી મહેન્દ્રભાઈ પીઠીયા, તાલુકા ભાજપ પ્રમુખશ્રી વિમલભાઈ, શ્રી મનસુખગીરી ગૈસ્વામી, શ્રી ભરતભાઈ અઘેરા, શ્રી રામસીભાઈ પરમાર તેમજ લોહાણા મહાજનવાડી ખાતે યોજાયેલ સેવાસેતું કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખશ્રી સરમણભાઈ, મામલતદારશ્રી બી.એચ.કુબાવત, ચીફ ઓફીસરશ્રી જે.પી.હુસરા, તાલુકા હેલ્થ ઓફીસરશ્રી ડો.કુંભાણી, શ્રી નીતીનભાઈ વ્યાસ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રીશ્રીના જન્મદિન – સંવેદના દિન નિમિત્તે શહેર બક્ષીપંચ મોરચા ધ્વારા ફળફળાદિનું વિતરણ



કમલમદૈનિક,

ગુજરાતનાં સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીજીના જન્મદિન નિમિત્તે શહેર ભાજપા ધ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત વડોદરા શહેર બક્ષીપંચ મોરચા ધ્વારા બક્ષીપંચ મોરચાના પ્રદેશ મહામંત્રીશ્રી સનમભાઈ પટેલ તેમજ શહેર પ્રમુખ શ્રી ડૉ.વિજયભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં મેન્ટલ હોસ્પિટલખાતે દર્દીઓને ફળફળાદિનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત કાર્યક્રમમાં શહેર મહામંત્રી શ્રી સુનિલભાઈ સોલંકી, જસવંતસિંહ સોલંકી, રાકેશભાઈ સેવક, પક્ષનાં નેતાશ્રી અલ્પેશભાઈ લીંબચીયા, શહેર બક્ષીપંચ મોરચાના પ્રમુખશ્રી ભરતભાઈ સ્વામી, મહામંત્રીશ્રી વિવેકભાઈ મિસ્ત્રી તથા મોરચાની ટીમ તેમજ હોસ્પિટલના સુપ્રિન્ટેનડેન્ટ શ્રી ડૉ.રાકેશભાઈ શાહ અને દ્વર્દના શ્રી શુકલાજી સહિત મહાનુભાવો હાજર રહ્યા હતા.

